## જન્મદિને વધામણી



**ડો. રાજેશભાઈ બી શાહ**
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



**કનુભાઈ શીવલાલ શાહ**
આજીવન ટ્રસ્ટી
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
ઉપપ્રમુખ
ગાંધીનગર વૈષ્ણવ સમાજ
સલાહકાર



**ડી આર ભટ્ટ**
નિવૃત્ત ઉદ્યોગ અધિકારી
મો. ૯૨૨૭૨ ૮૯૨૫૧



**સોનીભાઈ સાબુવાળા**
મો. ૯૪૨૭૪ ૧૮૨૪૪

### રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા

# 'અમદાવાદનો રીક્ષાવાળો' ગાંધીનગરમાં







ગાંધીનગર, તા. ૨

Be The Inspiration થીમ પર રોટરી કલબ ઑફ ગાંધીનગર દ્વારા એક અનોખા વ્યક્તિનું વ્યાખ્યાન રાખવામાં આવેલ હતું અને તે છે અમદાવાદના રિક્ષા ચાલક ઉદયભાઈ જાદવ કે જેઓ ફક્ત ધોરણ ૧૦ પાસ છે પરંતુ જીવની પરીક્ષામાં માં પ્રથમ છે.

આ સેવાભાવી વ્યક્તિ દ્વારા વર્ષ ૨૦૧૦ થી "Love All, Serve All"ના સૂત્ર સાથે સમગ્ર અમદાવાદમાં મફતમાં રિક્ષાની સેવા આપે છે અને આજે તે 'અમદાવાદ નો રીક્ષાવાળો' તરીકે ઓળખાય છે. અત્યાર સુધી એમની રીક્ષામાં 'અમિતાભ બચ્ચન, મોરારીબાપુ, કાજોલ, ચેતન ભગત, પરેશ રાવલ, આનંદીબેન, ઓમપ્રકાશ કોહલી (રાજયપાલ, ગુજરાત સરકાર), આશા પારેખ, દીપકભાઈ (દાદાભગવાન મંદિર)' જેવા અનેક Celebrity બેસીને રિક્ષાનો આનંદ ઉઠાવી ચૂક્યા છે.

રિક્ષાની ખાસિયત એ છે કે દિવસની શરૂઆતમાં પ્રથમ વ્યક્તિને ઉદયભાઈ તરફથી ફ્રી છે તેમને તેમના પછીના પેસેંજર માટે પૈસા ચૂકવવાના અને તે પણ ચૂકવવા હોય તો નહીતો તે સવારીની કિંમત એક સ્માઈલ થી પણ ચૂકવી શકાય. રિક્ષામા પેસેંજર માટે તરસ લાગે તો પાણીની, ભૂખ લાગે તો નાસ્તાની, બેઠા બેઠા કંટાળો આવે તો પુસ્તક અને પેપર વાંચવાની પણ સુવિધા છે. નાના બાળકો માટે રમકડાં અને ચોકલેટની વ્યવસ્થા રિક્ષામાં કરેલ છે. જરૂરિયાતને મદદ માટે અક્ષયપાત્ર અને કચરો નાખવા કચરા પેટી પણ રિક્ષામાં ઉપલબ્ધ છે. રિક્ષામાં જાગૃતિમાટે વિવિધ સ્લોગનો પણ લખેલા છે જેવા કે 'દોસ્ત નમસ્તે...કચરો ન ફેક રસ્તે', "Be the Change", "Serve All, Love All", 'હમ સબ એક હે' વગેરે વગેરે.

ઉદયભાઈ દ્વારા નામાંકિત સંસ્થાઓમાં પોતાના આ અનોખા અને પ્રેરણાદાયી પ્રયોગની વાત કરવા જાય છે જેવા કે ગુજરાત વિદ્યાપીઠ, આઈ.આઈ.ટી, TedX વગેરે. ઉદયભાઈ હાલતા ચાલતા Motivational Guru જ છે. એમના આ પ્રયાસમા તેઓ સફળ પણ રહ્યા છે અને અનેક લોકોના જીવનમાં તેમને પ્રેરણા પૂરી પાડી છે.

વ્યાખ્યાનમાં હાજર તમામ ઉપસ્થિત લોકોએ રિક્ષા જોડે સેલ્ફી લેવા પડાપડી કરી હતી અને તેમને તમામની સાથે હસતા હસતા ફોટા પડાવ્યા હતા. કાર્યક્રમમા રોટરીના સભ્યો જિતેન્દ્ર પટેલ, ડો. ગુંજન જૈન, એચ. એમ. પટેલ , મહેન્દ્ર ભાવસાર, ડો. જગદીશ પટેલ, દિલીપ પટેલ, ભરત જૈન, નિકિતા કુલકર્ણી તેમજ તેમના પરિવારજનો અને ખૂબ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિતિ રહ્યા હતા. કાર્યક્રમના અંતમા જિતેન્દ્રભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રોટરી કલબ વતી સેક્રેટરી ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એસજી-એસવી પ્રાથમિક શાળા દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી



એસ.જી અને એસ.વી .અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કૃષ્ણના જીવન આધારિત નાટક રજુ કર્યું હતું .તેમજ મટકી ફોડ કાર્યક્રમ થયો હતો.

## લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨

શહેરની સેવાસંસ્થા લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા નર્મદા કેનાલ, કોબા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ૧૨૦૦ જેટલાં વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રૉટરી ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ બી-૧ના ગવર્નર સૌરભ બ્રહ્મભટ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ બંને મહાનુભાવોએ પણ પોતાના હસ્તે વૃક્ષારોપણ કરી સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા.

ક્લબના પ્રમુખ પિયુષ શાહે જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિની કિડની નિષ્ફળ ગઈ હોય તેવા ગરીબ દર્દીઓને સમગ્ર વર્ષ દરમિયાન મફત ડાયાલિસીસની સેવા ઓગણજ ખાતે સ્થપાયેલ કિડની ડાયાલિસીસ સૅન્ટર ખાતે પૂરી પાડવામાં આવે છે. આ માટે જરૂરિયાતમંદ દર્દીઓએ લાયન્સ સૅન્ટર, પ્લોટ નં. ૧૭૫૫/૨, સૅક્ટર-૨ ડી ખાતે સંપર્ક કરવાનો રહેશે.

તેમણે આ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ સરદાર સરોવર નર્મદા નિગમ અને વન વિભાગ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## બોગસ અધ્યાપકોને હટાવવા યુજીસી દ્વારા રાજ્યોને આદેશ

ગાંધીનગર, તા. ૨

દેશભરમાં ઉચ્ચ શિક્ષણના માપદંડ કરનાર સર્વોચ્ચ સંસ્થા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન(યુજીસી)ના ધ્યાનમાં આવ્યું છે કે, રાજ્ય સરકાર હસ્તકની અને ખાનગી કે ડિમ્ડ યુનિવર્સિટીઓમાં ૮૦ હજાર અધ્યાપકો ફક્ત કાગળ પર કામ કરી રહ્યાં છે. આ બોગસ અધ્યાપકો બનાવટી રીતે પૂર્ણકાલીન તરીકે શિક્ષણકાર્ય કરી રહ્યાં છે. વર્ષ ૨૦૧૬-૧૭ના સર્વેમાં પ્રાપ્ત થયેલાં આંકડાના આધારે સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓના ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં કાગળ પર કામ કરતા આ બોગસ અધ્યાપકોને તાત્કાલીન ધોરણે હટાવી દેવા આદેશ કરવામાં આવ્યો છે. આ જાણકારી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેન પ્રો.ધીરેન્દ્ર પાલ સિંહએ અહીંયાની પંડિત દીનદયાળ ઉપાધ્યાય પશુઆરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટી અને ગૌ અનુસંધાન સંસ્થાના ૮મા પદવીદાન સમારોહમાં મુખ્યઅતિથિ તરીકે વક્તવ્યમાં જણાવ્યું હતું.

એમણે જણાવ્યું કે, આ સાચું છે કે હમણાં સુધી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં બોગસ શિક્ષકોની ભરતીની ફરિયાદ મળતી હતી. યુજીસી ચેરમેન પ્રો.ધીરેન્દ્ર પાલ સિંહે કહ્યું કે, ઓ બોગસ અધ્યાપકોને કાઢી મૂકવા રાજ્ય સરકારોને નિર્દેશ આપ્યા છે.

## જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય તૃતિય ક્રમે વિજેતા



ગાંધીનગર, તા. ૨

નૅશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ, મુંબઈ, ગુજકોસ્ટ અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગર દ્વારા ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આયોજિત સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સ્વચ્છતા, આરોગ્ય અને તંદુરસ્તી વિષયક નાટક પ્રસ્તુત કરીને પ્રેરણા વિદ્યાલય દ્વારા તૃતિય વિજેતાપદ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

શહેરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત નાટક 'હવે ખબર પડી'ની પ્રસ્તુતિ પ્રેરણા વિદ્યાલયની ટીમ દ્વારા આ જિલ્લા સાયન્સ ડ્રામા સ્પર્ધામાં કરવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા નાટ્યકાર હસમુખ મૅકવાન અને નીતિન પટેલ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. પ્રેરણા વિદ્યાલયની વિજેતા ટીમને શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર ઍમ પટેલ અને આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બે ભારતીયો અતિ પ્રતિષ્ઠિત મેગ્સેસે એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૨

ભારતના સોનમ વાંગચૂક અને ભરત વાતનાનીને મનીલામાં આયોજિત એક સમારંભમાં રમન મેગ્સેસે એવોર્ડ એનાયત કરાયો હતો. એશિયાના નોબલ પુરસ્કાર તરીકે ઓળખાતા આ સન્માનથી કમ્બોડિયામાં થયેલા નરસંહારમાં કોઈ રીતે સ્વયંને બચાવનાર યુકે ચાંગ, પૂર્વી તિમોરની માર્યા ડી લુઆરડેઝ માર્ટિસ ક્રૂઝ, ફિલિપાઈન્સના હોવાર્ડ ડી અને વિયેતનામના દિવ્યાંગ વોથી હોયાંગ યેનને પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુંબઈના વાતનાની અને તેમનાં પત્નીએ રસ્તા પર રહેતા માનસિક રીતે બીમાર લોકોના ઈલાજ માટે પોતાના ખાનગી ક્લિનિક પર લાવવાનું અભિયાન શરૂ કર્યું હતું. જેને લઈને તેમણે ૧૯૮૮માં શ્રદ્ધા રિહેબિલિટેટ ફાઉન્ડેશન સ્થાપ્યું હતું. તેનો હેતુ રસ્તા પર રહેતા માનસિક રીતે બીમાર લોકોને બચાવવાનો, તેમને વિનામૂલ્યે આવાસ, ભોજન અને મનોચિકિત્સક સારવાર ઉપલબ્ધ કરાવવાનો તેમજ તેમનું તેમના પરિવારો સાથે મિલન કરાવવાનો હતો. એ જ રીતે વાંગચૂકે ઉત્તર ભારતના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ પ્રણાલીમાં સહકારી અને સામુદાયિક ધોરણે સુધારા કર્યા હતા, જેના પગલે લદાખી યુવાનોની જિંદગીમાં બદલાવ આવ્યો હતો. વાંગચૂક શ્રીનગર એનઆઈટીમાં ૧૯ વર્ષના એન્જિનિયરીંગના વિદ્યાર્થી હતા અને તેમણે પોતાના અભ્યાસનો ખર્ચ ઉઠાવવા ટ્યૂશન શરૂ કર્યા હતા, જેના પગલે તેમને શિક્ષણ ક્ષેત્રે સુધારા કરવાની તક મળી હતી. મશહૂર ફિલ્મ થ્રી ઈડિયટ્સમાં આમિરખાને વાંગચૂકની ભૂમિકા ભજવી હતી.

# દિવાળીની ખરીદી માટે ગૂગલ લોન આપશે

ગાંધીનગર, તા. ૨

આ વર્ષે દીવાળી પર ગૂગલ એક ધમાકેદાર ઓફર લાવવા જઈ રહ્યું છે. પૈસા વગર તમે ગૂગલના પ્લેટફોર્મ પર ૧૫,૦૦૦ જેટલા વેપારીઓ પાસેથી ઓનલાઈન ખરીદી કરી શકશો. ખરીદી માટે ગૂગલ તમને તરત જ ઓનલાઈન લોન ઉપ્લબ્ધ કરાવશે. તાજેતરમાં જ ગૂગલે પોતાના ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મનું નામ ગૂગલ પે રાખ્યું છે જેના માધ્યમથી દીવાળી દરમીયાન કોઈ પ્રકારની મુશ્કેલી વગર લોન લઈને ખરીદી કરી શકાશે. ગૂગલના આ પ્લેટફોર્મ પર ઉબર, બૂક માય શો, જેવી ઈ કોમર્સ કંપનીઓ પણ લોન આપશે.

ગૂગલના ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મથી લોન આપવાનું કામ એચડીએફસી, આઈસીઆઈસીઆઈ, ફેડરલ અને કોટક મહિન્દ્રા જેવી બેંક કરશે. લોન લેવા ઈચ્છુક ગ્રાહકોના ટ્રાંઝેક્શન રેકોર્ડને જોઈને ગૂગલ એ નક્કી કરશે કે કોણ કેટલી લોન લઈ શકે છે. લોનની કીંમત ગ્રાહકના અકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જશે. જેની ચૂકવણી ગ્રાહકે સરળ હપ્તામાં કરવાની રહેશે.

ગૂગલે દિવાળી દરમિયાન ધમાકેદાર ઓફર લોન્ચ કરવા માટે ૧૫,૦૦૦ દુકાનદારોની પસંદગી કરી લીધી છે. આ કામ માટે ગૂગલ ટીમ દ્વારા વિભિન્ન જગ્યાએ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૂગલે ગ્રામીણ વિસ્તારના લોકોને ઓનલાઈન ખરીદી શીખવાડવા માટે ટ્રેનરની પણ નિયુક્તી કરી છે. ગૂગલને ફાયદો એ છે કે ગૂગલ પે એપનો ઉપયોગ અત્યારે પહેલા કરતાં ૫ કરોડથી વધારે લોકો કરી રહ્યા છે.

# શ્રીકૃષ્ણ, ભગવદ્‌ગીતા અને સુરાષ્ટ્રનું નિર્માણ




આજે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિન છે કે જેમણે કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં અર્જુનને ઉપદેશ આપ્યો જે ભગવદગીતામાં ઝીલાણો. આપણી સંસ્કુતિ એ રામાયણ અને મહાભારતને આધારિત છે. યોગારૂઢ અવસ્થામાં કૃષ્ણના મોઢામાંથી જે ઉદ્દગારો નિકળ્યા તે ભગવદગીતામાં આવ્યા. ભગવદગીતાએ આપણી માર્ગદર્શિકા છે. તેને જીવનામૃત કીધી છે. કહેવાય છે કે ભગવદગીતા વિનાનું ઘર અધુરું ગણાય છે.

કૃષ્ણે અનાસક્ત યોગ શિખવ્યો છે. તેમાં તેમણે સૌ ઉપર પ્રેમ રાખી સત્યનિષ્ઠા, નિષ્કામ કર્મયોગ અને ભૂતદયા રાખવાનું કહેલ છે. હાલના તબક્કે ભારતીય માનસની ગુણવત્તા વિશ્વમાં શ્રેષ્ઠ પ્રકારની છે પણ તેમાં સાહસ અને પ્રેરણા ખૂટે છે જે સુરાષ્ટ્રના નિર્માણ માટે બાધારૂપ છે. ડૉ.એ.પી.જે અબ્દુલ કલામે કિધું છે કે: ' સામાજિક કે રાજકીય – બધી જ વ્યવસ્થાનો આધાર લોકોની ભલમનસાઈ પર છે...લોકોની મહાનતાને કારણે જ રાષ્ટ્ર મહાન કે સારું બને છે.' સુરાષ્ટ્રના નિર્માણ માટે ભગવદગીતા રાજકારણને spiritualise- ધર્મમય કરવાની, નીતિમય કરવાની ઊંચી કલ્પના મૂકી છે. તેનાથી સત્યનિષ્ઠા, નીતિ-નિયમોનો આગ્રહ, ધર્મપરાયણતા, મર્યાદાને કારણે માનસિક વિકાસ થશે અને તેથી સાહસનો ગુણ તો વિકસશે સાથે સાથે વિપરીત પરિસ્થિતિમાં પણ ખંતથી કાર્યરત રહેવાનું શિખવાડે છે.



ભગવદગીતામાં ધર્મયુધ્ધ એટલે ન્યાય અને ધર્મ માટેની લડાઈ. આ સંસારમાં જીવન કેમ ગાળવું તે ભગવદગીતા શીખવે છે. ઊંચ કે નીંચ જેવો વર્ણભેદ ભગવદગીતામાં નથી. કૃષ્ણએ એક જાદુગર છે. અને ભગવદગીતાએ 'સ્વ' ની ' સર્વ'ની ફિલસૂફી છે. મહાભારતમાં સમગ્ર સજ્જનશકિત દુષ્ટતાનં પરિબળોની સામે સક્રિય બને છે.

કુરુક્ષેત્ર એટલે કર્મક્ષેત્ર અને કર્મક્ષેત્ર એટલે આપણું રાષ્ટ્ર. જેમ કુરુક્ષેત્રમાં દેવ અને દાનવ વચ્ચે ખેંચતાણ ચાલતી હતી તે અત્યારના રાજકારણમાં પણ ચાલી રહ્યું છે. અશ્વસ્થામા હણાયો એવું કૃષ્ણ જુઠૂં બોલ્યા. વાસ્તવમાં અશ્વસ્થામા નામનો હાથી હણાયો હતો પણ તે વખતની પરિસ્થિતિ જોતાં ચોખવટ ન કરી અને તેના કારણે કૌરવોની છાવણીમાં સોંપો પડી ગયો. આ જુઠૂં બોલવું સમાજ માટે હિતમાં હતું. તે કુરુક્ષેત્રનું યુધ્ધ જીતવા માટે મદદરૂપ બન્યું. આમ, ભગવદગીતા એ પરિસ્થિતિ મુજબ મર્યાદાઓ અને પ્રતિજ્ઞાઓને તોડી તેનો અનુકૂળતા મુજબ અર્થ કરી કાર્યને સરળ બનાવે છે.

### ભગવદગીતામાંનાં કેટલાક પાત્રો

ભગવદગીતામાંનું એક પાત્ર એટલે દુર્યોધન...જ્યારે બુધ્ધિ પર વિવેકનો પહેરો ન હોય ત્યારે દુર્યોધન પેદા થાય... આજે આ વિશ્વમાં ઘણા દુર્યોધનો છે તેમની પાસે બુધ્ધિ છે પણ તે બુધ્ધિનો ઉપયોગ વિવેક્પૂર્ણ કરવામાં નથી આવતો જેના પરિણામે આજે રાષ્ટ્ર સંકટોથી ઘેરાયેલું છે.

બીજું પાત્ર એટલે શકુનિ, મગજથી એકદમ હોશીયાર પણ સત્વગુણનું નામ નહીં.. રાષ્ટ્રનિર્માણ માટે દૈવીસંપત્તિ પણ હોવી જરૂરી છે.

તેવું ત્રીજું પાત્ર ધૃતરાષ્ટ્ર – મોહમાં અંધ બનેલ માણસોનો પ્રતિનિધી. ચોથું પાત્ર અર્જૂન - અર્જૂન દ્વારા મહાભારતના ઈન્કારને જરા વિનોબાની દ્રષ્ટિથી જોઈએ. આચાર્ય વિનોબાના મતે જ્યારે અર્જૂન કહી રહ્યો છે કે તે યુદ્ધ કરવા ઈચ્છતો નથી. ત્યારે તે અહિંસા કરતાં સ્વજનો પ્રત્યે આસક્ત છે અને તેના કારણે યુદ્ધ લડવાનો ઈન્કાર કરી રહ્યો છે. વિનોબા કહે છે કે જે આપણે કરવા ઈચ્છતા નથી, તેને આપણે સિદ્ધાંતોના ખૂબ સરસ આવરણથી ઢાંકી દઈએ છીએ.

શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્-ગીતામાં કહ્યું છે કે, 'હું તો દરિદ્ર નારાયણોમાં વસું છું કોઈ મને પ્રેમથી એક ફૂલ કે એક પાંદડું પણ આપે તો હું સહર્ષ તેનો સ્વીકાર કરી લઉં છું.' તેને અત્યારની સાપેક્ષે જોઈયે તો લોકો ઘર ભરવા બેઠા છે.

ભગવદગીતાના બીજા અધ્યાયમાં કૃષ્ણ યોગેશ્વર હોવા છતાં તેમના જીવનની સહજતા બતાવી છે તે સુદામાને દોડીને ભેટી શકે છે અને વિદુરની ભાજી પ્રેમથી આરોગી શકે છે. ગોપીઓ સાથે નાચી શકે છે તો કુબ્જાનો સ્વિકાર પણ કરી શકે છે. અર્જુનના સારથિ બની શકે છે અને ઘોડાઓના ઘા સાફ કરી જાણે છે. સુરાષ્ટ્રના નિર્માણ માટે આ જરૂરી છે. આજના નેતા કે મંત્રી આપણને સામેથી મળવા તો ન આવે પણ આપણે સામેથી મળવા જઈએ તો મુલાકાત પણ ન મળે..... કૃષ્ણમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ હતો તેથી જ તે તેમનો સ્વધર્મ ઓળખી શક્યા. તે સમયે રાષ્ટ્રમાં રહેતી દરેક વ્યકિત પોતાનો સ્વધર્મ સમજતી હતી. આજના યુગમાં લોકોએ સુરાષ્ટ્રના વિકાસમાં પોતાની શી ફરજો છે તે જ ખબર નથી..રોમા રોલાંએ કહેલું કે અ દુનિયા દુર્જનોની દ્રુષ્ટતાને લીધે નથી પીડાતી એટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે.

ભગવદગીતા એક એ એવો ગ્રંથ છે, કે તમે એને જે દ્રષ્ટિકોણથી એને જોવા માંગો, એ દ્રષ્ટિકોણથી તમે જોઈ શકો અને સંતોષ આપે એવો ગ્રંથ છે. જયારે પણ કોઈ ધર્મગ્રંથનું મુલ્યાંકન કરવા બેસો ત્યારે ખાલી એટલું જોવાનું નથી કે એણે કેટલા લોકોને મોક્ષ અપાવ્યો? પણ એ ધર્મગ્રંથની અસર રાષ્ટ્રીય પ્રવાહ ઉપર કેવી પડી? એનાથી રાષ્ટ્ર મજબુત, શક્તિશાળી બન્યું કે નહીં ? પ્રજામાં એક થઇ કે નહીં? પ્રજા સુખી છે કે દુ:ખી? પ્રજા શક્તિશાળી બની કે હજી પણ નપુસંક છે? એ ઍંગલથી જોવાનું છે. રાષ્ટ્રીય સંદર્ભમાં આપણે ભગવદગીતાને જોઈએ તો તે રાષ્ટ્ર ઉપર આવેલી આપત્તિ અને તેની સામે ઝઝૂમવાની પ્રેરણા આપી અને તે આપત્તિને દુર કરવાનું શિખવે છે. એટલે ભગવદગીતા એ રાષ્ટ્રીય ગ્રંથ પણ છે. આપણા રાષ્ટ્રીય પુરુષોએ એમાંથી પર્યાપ્ત પ્રેરણા લીધેલી છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન શબ્દોમાં વાત કરીએ તો :'જ્યારે હું ભગવદગીતા વાંચું છું ને ઈશ્વરે કઈ રીતે આ વિશ્વનું સર્જન કર્યું તે વિશે ચિંતન કરું છું ત્યારે મને બીજું બધું નિરર્થક અને છીછરું જણાય છે.'

મહાત્મા ગાંધીએ કીધું કે: 'જ્યારે શંકાઓ મને ઘેરી વળે છે, જ્યારે હું નિરાશાઓની ગર્તામાં ધકેલાઈ જાઉં છું અને જ્યારે દૂર ક્ષિતિજે જ્યારે મને આશાનું એક પણ કિરણ નજરે ચડતું નથી તેવે સમયે હું ભગવદગીતાનો આશરો લઉં છું અને મને તેનાથી શાતા મળે છે, આરામ મળે છે અને એ દુ:ખો ભરી પરિસ્થિતિમાં પણ મારા મુખ પર સ્મિત છવાઈ જાય છે. જેઓ ભગવદગીતાનું મનન કરે છે તેમને રોજેરોજ તેમાંથી કંઈક નવો અર્થ, નવો તાજો આનંદમળેછે. જીવનમાં ડગલેને પગલે આવેલી મુસીબતોનો ઉકેલ તેમને શ્રીમદ્ ભગવદ્ગીતામાંથી મળે છે.'

મહાભારત ભારતની આજની પરિસ્થિતિમાં કેટલું પ્રાસંગિક છે, તે શોધવાનો અને ચર્ચા કરવાનો હિંમતભર્યો પ્રયાસ કરવાનો અત્યારે વખતે છે. મહાભારતથી ભાગવામાં આવશે, તો જીવનનો આધાર ધર્મ ક્યારેય સંસ્થાપિત થઈ શકશે નહીં.ધર્મની સ્થાપના માટે શ્રીકૃષ્ણ જો જીવનો વધ કરવો પડે, તો તેના માટે પણ તૈયાર છે. કારણ કે ધર્મ જ જીવનને ધારણ કરે છે. આપણે ભગવતગીતાને આત્મસાત કરીશું તો જ સુરાષ્ટ્રનું નિર્માણ શક્ય બનશે.